ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૨.૮ ડીગ્રી
લઘુતમ : ૮.૭ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૪૯ ટકા

# ઉત્તરાયણ પુણ્યનું ભાથું બાંધી લેવાનો અવસર

## ઉત્તરાયણમાં પતંગ ચગાવવાની સાથે ગાયને ઘાસ ખવડાવવું અને તલનું દાન કરવું અત્યંત શુભ : આ દિવસે કરેલું દાનનું ખૂબ મહત્વ છે

ગાંધીનગર, તા.૧૩

ઉત્તરાયણના દિવસે આપણે પતંગ ચગાવવાની અને ઉંધિયું જલેબી જમવાની મજા તો માણીએ જ છીએ પણ આ દિવસનું ધાર્મિક મહત્વ પણ એટલું જ છે. જે દિવસે સૂર્ય એક રાશિમાંથી બીજી રાશિમાં પ્રવેશ કરે તે દિવસને સંક્રાંતિ કહેવાય છે. પણ જે દિવસે સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે તે દિવસને મકરસંક્રાંતિ તરીકે ઉજવવામાં આવે છે આ દિવસે કમૂર્તા સમાપ્ત થઈ જતા હોય છે.

મકરસંક્રાંતિના દિવસો સૂર્યદેવની પૂજા કરવામાં આવે છે. ગુજરાતી પંચાંગમાં ચંદ્રની તિથિના બે ભાગ હોય છે. આવી જ રીતે સૂર્યના આધાર પર વર્ષના બે ભાગ હોય છે. જેમાં છ મહિના સુધી સૂર્ય ઉત્તર દિશામાં રહે છે અને છ મહીના દક્ષિણ દિશામાં રહે છે. મકરસંક્રાંતિથી સૂર્યનું ઉત્તર તરફ પ્રયાણ થાય છે જેથી આ દિવસને દેશના અમુક ભાગમાં ઉત્તરાયણ પણ કહેવાય છે. એવુ કહેવાય છે આજના દિવસે સૂર્યની પૂજા કરવી અત્યંત શુભ માનવામાં આવે છે. સ્નાન, દાન અને પુણ્યનું મહત્વ ઉત્તરાયણના દિવસે ઘણું છે. એવું માનવામાં આવે છે કે આજના દિવસે કરેલા પુણ્યનું ફળ બે ગણું મળે છે. આની સાથે મકરસંક્રાંતિના દિવસે દાનનું પણ વિશેષ મહત્વ હોય છે. આ દિવસે ગાયને ઘાસ ખવડાવવું અને તલનું દાન કરવું અત્યંત શુભ મનાય છે. આ દિવસે કરેલું દાનનું ખૂબ મહત્વ છે અને આ દિવસો કરેલું દાન ખૂબ જ લાભદાયી હોય છે.

ઉત્તરાયણના દિવસે પતંગનું પણ ખૂબ મહત્વ છે. આ દિવસે બધા પોતાના ધાબે ચઢી સૂર્યના મકર




રાશિમાં આગમનનો ઉત્સવ મનાવતા હોય છે અને જેવી રીતે આપણે ઘરે મહેમાનને રંગબેરંગી ફૂલોથી વધાવતા હોઈએ છીએ એ જ રીતે રંગબેરંગી પતંગ ચગાવી સૂર્યના મકર રાશિમાં આગમનને વધાવતા હોય છે. એટલે આ દિવસે પતંગોત્સનું પણ અનેરું મહત્વ હોય છે.

આપણાં માટે તો સૂર્ય પ્રત્યક્ષ બ્રહ્મનું રૂપ છે જે એક અદ્વૈત, સ્વયંપ્રકાશમાન, શાનદાર દૈવત્વ, એક આશીર્વાદ અને તમામ અકથ્યનું પ્રતિક છે. સૂર્ય જ સમયનું ચક્ર ચલાવે છે. પ્રસિધ્ધ ગાયત્રી મંત્ર ભગવાન સૂર્યદેવને જ્ઞાન અને બુદ્ધિનું વરદાન પ્રાપ્ત કરવા માટે સમર્પિત કરાય છે. સૂર્ય ફકત એક દેવતાનું રૂપ જ નથી પરંતુ તે જ્ઞાન અને બુધ્ધિનાં અવતાર પણ છે.

સૂર્ય દેવતા મકર રાશિમાં પ્રવેશ કરે છે તેને મકરસંક્રાંતિ કહે છે. જયોતિષશાસ્ત્ર મુજબ આ સંક્રાંતિમાં સૂર્ય પૂજા-ઉપાસનાનું વિશેષ મહત્વ રહેલું છે. સૂર્ય મકર રાશિમાં પ્રવેશતા કમુરતા પૂર્ણ થાય છે અને લગ્નાદિ માંગલિક કાર્યોનો પ્રારંભ થાય છે. અલગ અલગ સંસ્કૃતિઓમાં ઉજવણી જુદી જુદી રીતે કરવામાં આવે છે.

મકરસંક્રાંતિનો તહેવાર વિવિધ રીતે અને વિવિધ નામોથી હર્ષભેર ઉજવવામાં આવે છે. મકરસંક્રાંતિના દિવસે અન્નદાન-વસ્ત્રદાન તેમજ મંદીરોમાં પૂજા-અર્ચના કરવાનો મહીમા છે. હિન્દુ ધર્મશાસ્ત્રો અનુસાર ઉત્તરાયણના દિવસને દેવતાઓનો દિવસ માનવામાં આવે છે. આ મહીનાથી અષાઢ મહિના સુધીના દરેક દિવસો ખુબ શુભ મૂહૂર્તમાં રહેતા હોય છે. મહાભારતના કાળમાં ભીષ્મ પિતામહે પોતાનો દેહ ત્યાગ કરવા માટે આ દિવસની પસંદગી કરી હતી. ગંગાજીનું પણ આ દિવસે ખૂબ જ મહત્વ રહેલું હોય છે. ગંગાજી મકરસંક્રાંતિના દિવસે જ ભગીરથની પાછળ પાછળ ચાલ્યા અને કપિલ મુનિના આશ્રમમાંથી પસાર થયા હતા અને ત્યારબાદ તે સાગરમાં મળી ગયા હતા. મહારથી ભગીરથે પોતાના પૂર્વજો માટે આ દિવસે તર્પણ તેમજ ઉપવાસ કર્યા હતા. એટલા માટે મકરસંક્રાંતિના દિવસને ગંગાસાગરના મેળાનો દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે.

આ વર્ષે કોરોનાને કારણે આપણે મિત્રો અને સંબંધીઓની સાથે નહી પણ પરિવાર સાથે ચોકકસ મકરસંક્રાંતિ ઉજવી શકીશું. થાય તેટલું દાન પુણ્ય કરીને આ દિવસે સૂર્યદેવના આશીર્વાદ લેવાનું ચુકશો નહીં. આ દિવસે દાનપુણ્ય તરીકે બાજરી કે ઘઉંની ઘુઘરી બાફી ગાયોને ખવડાવે છે. ઘણા ગાયને ઘાસ ખવડાવે છે. ગરીબોને દાન અને બ્રાહ્મણોને દક્ષિણા આપવામાં આવે છે. તલ સાંકળી કે તલના લાડુ, બોર કે જામફળ વહેંચવામાં આવે છે.

# શહેર જાગૃત નાગરિક પરિષદના માર્ગદર્શક સભ્ય એચ.બી. વરિયાને હાર્દિક શ્રધ્ધાંજલિ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદના માર્ગદર્શક સભ્ય એચ.બી. વરિયાનું આકસ્મિક અવસાન થવાના સમાચાર મળતાં ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદની કાર્યવાહક સમિતિની વર્ચ્યુઅલ બેઠકમાં તેમને હાર્દિક શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. શુધ્ધ વિચારસરણી, ઉચ્ચ નીતિમત્તા, સીધી સરળ સાદી જીવનશૈલી, ઉમદા પરગજુ સમાજ સેવકની અચાનક વિદાયથી ખુબ દુઃખ થયું તેમ ગાંધીગનર જાગૃત નાગરિક પરિષદના સભ્ય દિવંગત વરિયાજીને હૃદયાંજલિ આપતા જણાવ્યું હતું અને સાથે જણાવ્યું હતું કે ગાંધીનગરને વરિયાસાહેબની ખોટ લાગશે જ. એક વિચારક યુગ પુરો થયો, એક સંનિષ્ઠ મહામાનવની અણધારી વિદાય, ઓમ શાંતિ. પ્રભુ આ દિવ્ય આત્માને એમની શરણમાં સ્થાન આપે અને પરિવારને આ ઘા સહન કરવાની શકિત આપે એવી પ્રાર્થના. વરિયા સાહેબ વિશે પુસ્તક બનવું જોઈએ. તેમનું વ્યકિતત્વ પ્રેરણાદાયી છે. તેમની સાથે તેમની વાતો ભુલાઈ જશે તે યાદગાર બને અને હજ્જારો લોકો સુધી પહોંચે તે જરૂરી છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.




કોરોનાના કેસ વધતા નિયંત્રણો પણ વધુ કડક બનાવાયા છે. સરકારી કચેરીઓમાં વેકિસન વિનાના નાગરિકોને પ્રવેશ નહીં આપવાનો નિર્ણય લેવાયો હોવાથી વેકિસન લેનારા નાગરિકોની સંખ્યા વધી છે. સેકટર-૨ અર્બન હેલ્થ સેન્ટર ખાતે વસાહતીઓ મોટી સંખ્યામાં વેકિસન લેતા નજરે ચઢયા હતા.

# ગાંધીનગરમાં ઉત્તરાયણ નિમિત્તે સેવાભાવી યુવાનોનું બર્ડ રેસ્કયું અભિયાન

### ઉત્તરાયણ દરમ્યાન ઘાયલ પક્ષીના બચાવ માટે સંપર્ક કરો

**મુખ્ય હેલ્પલાઇન નંબરઃ**

તેજસભાઈ ૭૮૭૪૦૦૮૭૮૮, અમિતભાઈ ૮૪૦૧૪૮૮૫૮૮
વિવેકભાઈ ૯૮૯૮૮૨૫૬૨૧

**વિસ્તાર પ્રમાણેના નંબર**

- સેક્ટર ૧ થી ૧૪
  વિશાલભાઈ ૭૪૯૦૦૭૮૫૧૬, વિવેકભાઇ ૯૮૯૮૮૨૫૬૨૧
- સેક્ટર ૧૫ થી ૩૦
  સંકેતભાઈ ૯૪૨૮૫૪૮૪૨૩, દેવલભાઈ ૯૬૨૪૫૫૨૫૫૫
- વાવોલ
  સાગરભાઈ ૮૮૪૯૫૮૪૫૪૪, તેજસભાઈ ૭૮૭૪૦૦૮૭૮૮
- સરગાસણ/કુડાસણ
  જાગૃતભાઇ ૯૪૨૮૦૫૦૧૪૪, અર્પનાબેન ૯૫૭૪૪૪૯૩૬૪
- બોરીજ/ચિલોડા
  કુંજલસિંહ ૮૩૨૦૭૩૪૭૧૨, અમિતભાઈ ૮૪૦૧૪૮૮૫૮૮

### કરૂણા અભિયાન અંતર્ગત વન વિભાગ અને વનશ્રી ટ્રસ્ટનું સંયુકત અભિયાન

ગાંધીનગર, તા.૧૩

વન વિભાગ અને વનશ્રી ટ્રસ્ટ દ્વારા દર વર્ષે ઉત્તરાયણ નિમિત્તે કરૂણા અભિયાન ચલાવવામાં આવે છે. આ વર્ષે પણ સરકારની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરીને અભિયાન સફળ બનાવવામાં આવશે. ગાંધીનગરની વનવિભાગની ઓફિસે સ્વયંસેવકો અને વનવિભાગનો સ્ટાફ તહેનાત રહેશે અને જરૂર પડશે તો પક્ષી બચાવ કામગીરીમાં તે ફાયર બ્રિગેડની પણ મદદ માટે આવશે. આપની આસપાસ કયાંય પણ ઘાયલ પક્ષી દેખાય તો નીચેના હેલ્પ લાઈન નંબર પર જાણ કરવી. હેલ્પલાઈન નંબર ગાંધીનગર કંટ્રોલ રૂમ નંબર ૯૪૮૪૮૭૬૪૫૧, વનશ્રી ટ્રસ્ટ ૯૯૯૮૮૧૦૭૧૯.

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરમાં સમગ્ર વર્ષ દરમ્યાન ૩૬૫ દિવસ પક્ષી બચાવની સેવા પુરી પાડતી સંસ્થા 'પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ' દ્વારા આ વખતે 'મા એનિમલ ફાઉન્ડેશન' તથા 'હેપ્પી યુથ કલબ' સાથે મળીને ઉત્તરાયણ દરમિયાન રેસ્કયુ કરશે. આ કાર્ય માટે ત્રણેય સંસ્થાઓ દ્વારા સંયુક્ત રીતે શહેરના વિવિધ વિસ્તાર અનુસાર સંપર્ક નંબરો જાહેર કર્યા છે જેના પર કોલ કરી નાગરિકો દોરીથી કે અન્ય રીતે ઈજાગ્રસ્ત પક્ષીઓ અંગે માહિતી આપી શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે સંસ્થા દ્વારા પછી



પણ પક્ષીઓનું નિયમિત રેસ્કયુ સેવા અગાઉની જેમ જ ચાલુ રાખવામાં આવશે.

આ વર્ષે ૩૬૫ દિવસ માટે રેસ્કયુ સેવા થાય એ માટે સંસ્થા દ્વારા નવા યુવા વોલંટીયર્સનું જૂથ તૈયાર કરી ઉત્તરાયણ દરમિયાન તથા પછી પણ પક્ષીઓનું રેસ્કયુ કરવામાં આવશે. ખાસ કરીને ઉત્તરાયણના ૨ દિવસ દરમ્યાન બર્ડ રેસ્કયુ કરનાર રેસ્કયુઅર તથા જો કોઈ વ્યક્તિ જાતે રેસ્કયુઅર બની જીવ બચાવવાના હેતુથી ઘાયલ પક્ષી સંસ્થાના ૧૭/૨૨ ખાતેના સેન્ટર પર લાવીને આપશે તો તેને પણ આ ત્રણે સંસ્થા દ્વારા સંયુકત રીતે સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવશે. આ કાર્યમા વોલંટિયર બની સંપર્ક કરવા તથા ઘાયલ પક્ષીને રેસ્કયુ કરાવવા વિવિધ વિસ્તાર વાઈઝ જાહેર કરાયેલા નંબર પર સંપર્ક કરવા જણાવાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે 'પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ' ગાંધીનગરમાં સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ પશુ પક્ષીના બચાવકાર્ય ઉપરાંત વૃક્ષારોપણ, પ્રકૃતિ શિબિર, નેચર વોક જેવી અનેકવિધ પર્યાવરણ લક્ષી અને સેવાકીય પ્રવૃત્તિઓ માટે કાર્યરત છે. 'મા એનિમલ ફાઉન્ડેશન' અમદાવાદમાં ખાસ કરીને કુતરાંના રેસ્કયું માટે જાણીતી છે અને તેમના દ્વારા ગાંધીનગરના વાવોલ-કોલવડા રોડ પર કુતરાંઓ માટે શેલ્ટર હોમ બનાવી ઘાયલ, બિમાર તથા પેરેલાઈઝ્ડ કૂતરાંઓનું ધ્યાન રાખવાની સેવા કરવામાં આવે છે જેમાં અત્યારે ૭૦ જેટલા કુતરાં આશ્રય લઈ રહ્યાં છે. 'હેપ્પી યુથ કલબ'શહેરના સેવાભાવી યુવાનોની સંસ્થા છે જેના દ્વારા શહેરમાં નિઃશુલ્ક ચકલી ઘરનું વિતરણ, વૃક્ષારોપણ, રક્તદાન, બાળકોને શૈક્ષણિક કીટનું દાન સહિત અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવે છે.

# સ્વામી વિવેકાનંદ યુવાનોમાં આજે પણ એટલા જ પ્રસ્તુતઃ સર્વેનાં તારણો

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાનિકેતન વિભાગ દ્વારા ૯૬૩૫ લોકોનો સર્વે કરાયો

ગાંધીનગર, તા.૧૩

સ્વામી વિવેકાનંદની ૧૫૯મી જયંતી નિમિત્તે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાનિકેતન વિભાગ દ્વારા ૯૬૩૫ લોકો પર એક રસપ્રદ સર્વે હાથ ધરવામાં આવ્યો. જેના તારણોમાં એવું સામે આવ્યું કે, યુવાનોમાં સ્વામી વિવેકાનંદ આજે પણ એટલા જ પ્રસ્તુત છે. જ્યારે ૯૦ ટકા લોકો સ્વામીજીના જીવન સંબંધિત માહિતી ધરાવતા હતા. આ સર્વેમાં સ્વામી વિવેકાનંદના જીવન સંબંધિત ૨૦ પ્રશ્નોનો સમાવેશ કરાયો હતો. જેમાંથી સ્વામીજીના જન્મ અંગે ૮૮.૫૮ ટકા લોકો માહિતી ધરાવતા હતા. સ્વામીજીનો જન્મ ક્યા ગામમાં થયો તે અંગે ૯૨.૩૦ ટકા લોકોને માહિતી હતી. જ્યારે ૯૨.૮૦ ટકા લોકોએ સ્વામીજીનાં માતાનું નામ સાચું આપ્યું હતું. સ્વામીજીના બાળપણ અંગે ૯૦.૬૮ ટકા લોકોએ સાચા જવાબો આપ્યા હતા. જયારે સ્વામીજીનું બાળપણનું નામ ૯૬ ટકા લોકોને આવડતું હતું. સ્વામીજીની શાળા અને પિતાજીના વ્યવસાય સંબંધિત માહિતી ૭૩ ટકા લોકો ધરાવતા હતા. સ્વામીજીના ગુરુના નામનો ૮૬ ટકા લોકોને ખ્યાલ હતો. સમગ્ર ગુજરાત માટે બે દિવસના સમયગાળામાં યોજાયેલી આ ક્વીઝમાં ૯૬૩૫ લોકોએ ભાગ લીધો હતો અને તેમને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા ઓનલાઈન પ્રમાણપત્ર આપવામાં આવ્યાં હતાં. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીએ ભારતીય વિદ્યાધારા પ્રમાણે કામ કરતી સંસ્થા છે, ત્યારે યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહે વિવેકાનંદજીને યુવાનોના પ્રેરણાસ્ત્રોત ગણાવી તેમના જીવન વિશે વધુમાં વધુ લોકો માહિતગાર થાય તે હેતુથી ક્વીઝ યોજવા પ્રેરણા આપી હતી. કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિના માર્ગદર્શન મુજબ, વિદ્યાનિકેતન વિભાગના અધ્યક્ષ ડૉ. કુણાલ પંચાલના નેતૃત્વમાં બે દિવસીય ઓનલાઈન ક્વીઝ સ્પર્ધા યોજાઈ હતી. જેનું સંચાલન ડૉ. મહેન્દ્ર પટેલે કર્યું હતું.

## સરસ્વતી વિદ્યાલયમાં ઓનલાઈન પતંગોત્સવની ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા. ૧૩

સરસ્વતી વિદ્યાલયમાં ઉત્તરાયણ પર્વને ધ્યાનમાં રાખીને ઓનલાઈન પતંગોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કે.જી.ના બાળકોએ સરસ મજાના પતંગના ચિત્ર બનાવીને તેમાં આકર્ષક રંગો પૂર્યા હતા. આ ચિત્રો ઓનલાઈન ગ્રુપમાં મુકીને બાળકોએ પોતાનો ઉત્સાહ વ્યકર્ત કર્યો હતો.

## ગુરૂકૃપા ફાઉન્ડેશન દ્વારા ૪૦૦ પરિવારને ચીકીનું વિતરણ



ઉત્તરાયણ નિમિત્તે ગુરૂકૃપા ફાઉન્ડેશન તરફથી ૪૦૦ જરૂરિયાતમંદોને વહેલી સવારે ચીકીનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉત્તરાયણમાં દરેકને ચીકી ખાવાનું મન થાય આ મોંઘવારી અને ભાવ વધારાને કારણે જરૂરિયાતમંદોને ગુરૂકૃપા ફાઉન્ડેશન તરફથી ચીકીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# ઉત્તરાયણમાં પતંગ પકડવાનો અનેરો આનંદ

ગાંધીનગર, તા.૧૩

ઉત્તરાયણનો ખરો મહિમા તો પગંત વિશે છે. પતંગના પર્વ તરીકે આ તહેવાર બાળકથી માંડીને વૃધ્ધો એમ તમામ ઉજવે છે. કોઈ દેશ પર ચઢાઈ કરવા લશ્કર તૈયાર કરવામાં આવે એવી તૈયારીઓ ઉત્તરાયણને ઉજવવા માટે કરવામાં આવે છે. સૈનિકોના હાથમાં શસ્ત્રો તેમ પતંગ રસિયાઓના હાથમાં દોરી. દોરીને રંગ અને કાચ પાવામાં આવે છે અને દોરીઓની ફિરકીઓ તૈયાર કરવામાં આવે છે. પતંગો તો ભાતભાતના અને જાતજાતના હોય છે. માનવી જુદી જુદી ફેશનો કરે તેમ પતંગોના રંગ અને તેમના પર આંકેલી ભાત પણ જુદી જુદી હોય છે.

ઉત્તરાયણના દિવસે પરોઢ પ્રગટયું નથી કે ધાબાઓ અને અગાશીઓ ધમધમી નથી. ઉત્તરાયણના દિવસ અગાઉ રાત્રીએ જાગીને પતંગોને કિન્ના બાંધી



દેવામાં આવે છે. ફાટેલા પતંગોને સાંધવાના સરંજામ તૈયાર રાખવામાં આવે છે.

પતંગોના પેચ એટલે પતંગોનું યુધ્ધ. યુધ્ધમાં જેમ મારામારી થાય તેમ પતંગોના પેચ લડાવાય છે. કોઈ દોરી છોડીને પેચ લડાવે તો કોઈ દોરીને ખેંચીને પેચ લડાવે. પતંગના જંગનો રંગ અલગ જોવા મળે છે તેનો ઉમંગ પણ અલગ જોવા મળે છે. એવા કેટલાય હોય છે જેઓ કપાયેલા પતંગોને લૂંટવાનો આનંદ માણતા હોય છે. તેઓ પતંગ પકડવા ઝંડા બનાવી તેમનો ઉપયોગ કરે છે. 'એ.... કાપ્યો...' જેવી બૂમો ચારેય દિશાઓમાં ગૂંજી ઉઠે છે. પતંગ પકડવા માટે નીચે આમે તેમ દોડાદોડ મચી જાય છે. સેકટરો, ગલીઓ, માર્ગો પર જયાં જોઈએ ત્યાં બે દિવસ પતંગોનું યુધ્ધ જામી જાય છે. જેમાં પતંગ પકડવાવાળા પોતાની પૂરી મહેનત લગાવી દે છે. જેવી બૂમ પાડે લપેટ... કાઈપો છે... તેવા જ પતંગ પકડવાવાળા દોટ મૂકે છે અને મોટા મોટા લાકડાના દંડા લઈને પતંગ પકડીને જથ્થાબંધ પતંગ એકઠા કરે છે. આ ભેગા કરેલા જથ્થાબંધ પતંગને ફરીથી વેચી દેતા હોય છે અને પૈસા ભેગા કરે છે. ગરીબ પરિવારના બાળકોને ઉત્તરાયણના પૈસા કમાવા માટે પતંગ પકડવાનો ધંધો કરવો પડે છે તેમને પણ પતંગ ચગાવવા ગમતા હોય છે પરંતુ પોતાની રોજીરોટી માટે તેઓ આ રીતે કમાણી કરે છે.

કપાયેલા પતંગોને કોડી પ્રમાણે ગોઠવીને ફરીથી વેચીને પૈસા કમાવવાની ઉત્તરાયણમાં તેઓને પણ મજા આવતી હોય છે. એક પતંગ કપાયો હોય તેને પકડવા માટે તો આખું ટોળું દોડી જાય છે. જેમાં પતંગ ફાટી જાય અને કોઈના હાથમાં પણ ન આવે એવી પણ ઘટનાઓ થાય છે. અમુક વાર પતંગ પકડવામાં અંદર અંદર ઝઘડા પણ થઈ જાય છે. પરંતુ ઉત્તરાયણમાં પતંગ ચગાવવાની સાથે સાથે પતંગ પકડવાની મજા પણ અલગ જ હોય છે. બાળપણમાં તો મોટા ભાગે બધાએ આનો લાભ લીધો જ હશે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ. પ્રજાપતિ રમણભાઈ મગનભાઈ**, ઉ.વ. ૬૬, શિહોલી મોટી
- **સ્વ. સુથાર મણીલાલ દશરથલાલ**, ઉ.વ. ૮૨, પીંડારડા
- **સ્વ. ખોત ગણપત રામચંદ્ર**, ઉ.વ. ૫૫, માણસા

**● રૂદ્રભૂમિ ●**

- **સ્વ. માલવીયા સુગંધીદેવી ફકિરચંદ**, ઉ.વ. ૬૫, સેકટર-૪
- **સ્વ. જોષી પ્રિયંકા કીરીટકુમાર**, ઉ.વ. ૨૩, સરગાસણ
- **સ્વ. વાઘેલા લક્ષ્મણસિંહ શિવાજી**, ઉ.વ. ૭૬, સેકટર-૩
- **સ્વ. ગોહેલ ચંદુલાલ લાલજી**, ઉ.વ. ૭૫, કુડાસણ
- **સ્વ. ભાવસાર ચીનુભાઈ શીવલાલ**, ઉ.વ. ૮૩, વાવોલ

## જન્મદિને વધામણી



ધનાભાઈ સુખાભાઈ વણકર
મો. ૭૩૫૯૭ ૧૨૯૪૪



વેદાંત ગોસ્વામી



જય લિંબાચીયા
મો. ૯૬૬૪૬ ૪૮૪૭૫



જીલુભા ઘાંઘલ
મો. ૯૭૨૬૧ ૫૫૯૭૩



નયનાબેન ડી શાહ
મો. ૯૯૦૪૪ ૭૦૧૮૦



જીતેન્દ્રકુમાર કાંતિલાલ શર્મા
મો. ૯૧૭૩૧ ૭૫૧૬૧



સિદ્ધિ ચિંતન ત્રિવેદી
મો. ૯૪૨૮૦ ૫૦૧૧૧



અવ્યુક્ત હિતેષ જોશી
મો. ૯૯૨૪૪ ૮૯૯૦૧



દૃષ્ટિ ભાવેશકુમાર રાજવંશી
મો. ૯૨૩૮૦ ૪૨૨૩૨



મૈત્રી રાજેશભાઈ વાઘેલા
મો. ૯૯૨૪૭ ૨૨૯૦૩